# નવા સેક્ટરોમાં છાશવારે સ્ટ્રીટલાઈટો ડૂલ થતા રહીશોને હાલાકી...!!

## નવરાત દરમિયાન પણ અંધારપટ છવાયો હતો સે. ૩ અને ૪ માં વિશેષ ફરિયાદો

ગાંધીનગર, તા. ૧૪

નવા સેક્ટરોમાં છેલ્લા એક મહીનાથી સ્ટ્રીટ લાઈટના ધાંધિયાના લીધે આમ નાગરિકો તોબા પોકાણી ગયા છે. નવરાત દરમિયાન પણ સેક્ટરોના રીંગરોડ પર અંધારપટ છવાયેલો રહેતા રહીશોએ હાલાકી વેઠવી પડી હતી. જ્યારે દીવાળી ટાણે પણ સેક્ટરોના કેટલાક આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ ડૂલ રહેતા સ્થાનિક રહીશોમા ંભય પ્રવર્ત્યો છે. સે. ૩-સી અને સે. ૪માં સ્ટ્રીટલાઈટના ઘણા પોલ્સ બંધ હાલતમાં છે.

શહેરમાં સ્ટ્રીટલાઈટના હજારો પોલ્સ પૈકી ઘણા ખરા વર્ષ દરમિયાન મોટાભાગે બંધ રહેતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં છેલ્લા એકાદ મહીનાથી સેક્ટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટના મામલે ફરિયાદોનું ઝડપથી નિરાકરણ ન આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. નવા સેક્ટરોમાં છેલ્લા એક મહીનાથી સ્ટ્રીટલાઈટને લગતી સમસ્યા પેચીદી બની છે. નવરાત દરમિયાન પણ સેક્ટરોમાં ઘણા ઠેકાણે અંધારપટ જોવા મળ્યો હતો. જેના લીધે શેરી ગરબામાં જતા રહીશોને હાલાકી ભોગવવી પડી હતી. જ્યારે હાલ દિવાળી ટાણે પણ સેક્ટરોની શેરીઓમાં અંધારપટ છવાયેલો હોવાની ફરિયાદો ઉદ્‌ભવી છે. સે. ૩-સી અને સે. ૪-ડીના વિસ્તારમાં પણ છાશવારે સ્ટ્રીટલાઈટો ડૂલ થઈ જતા સાંજ ઢળતા જ ઘનઘોર અંધારૂ છવાઈ જાય છે. આ મામલે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા ફરિયાદોનું ઝડપથી નિરાકરણ આવતુ નથી. તંત્ર દ્વારા દિવાળી ટાણે નવા સેક્ટરોમાં રાઉન્ડ લઈ સ્ટ્રીટલાઈટોના મામલે યોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર શહેરને દબાણ રહીત કરનારા સફાઈ દૂર કરતાં વાહનોની જ અવદશા જોઈ મનપાની બેદરકારીને ટીકા કરવાનું મન જરૂર થાય.. (તસવીર : કશ્યપ નિમાવત)

# જલારામ મંદિરના દર્શન આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૪

દિવાળી પર્વ નજીક આવતાં સમયની વ્યવસ્થાને ધ્યાનમાં લઈને જલારામ મંદિરના દર્શન તથા આરતીના સમયમાં ચોક્કસ ફેરફાર કરવામાં આવ્યો છે.

ધર્મપ્રેમી જનતાને જણાવવાનું કે આગામી તા. ૧૭-૧૦-૨૦૧૪ શુક્રવારના રોજ, આસો વદ-નોમથી સેક્ટર-૨૯માં આવેલ જલારામધામની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવશે. નવાં સમયની યાદી નીચે મુજબ દર્શાવેલ છે. જેની વાચકોએ ખાસ નોંધ લેવી.

શ્રી જલારામ મંદિર ખુલવાનો સમય - સવારે ૬.00 કલાકે
શ્રી રામેશ્વર મહાદેવની આરતીનો સમય - સવારે ૬.૩0 કલાકે
શ્રી જલારામ બાપાની આરતીનો સમય સવારે ૬.૪૫ કલાકે
મંદિર બંધ રહેવાનો સમય - બપોરે ૧૨.00 કલાકથી સાંજે ૪.00 કલાક (સિવાય ગુરૂવાર)
મંદિર દર્શનનો સાંજનો સમય - ૪.00 કલાકથી ૮.૩0 કલાક સુધી
શ્રી રામેશ્વર મહાદેવની સંધ્યા આરતી - સાંજે ૬.૩0 કલાકે
શ્રી જલારામ બાપાની સંધ્યા આરતી - સાંજે ૬.૪૫ કલાકે
પ્રતિ માસનાં બીજા અને ચોથા શનિવારે સુંદરકાંડ - સાંજના ૪.૩0 થી ૬.00 કલાક સુધી.

# વાવોલમાં લાભ પાંચમના દિવસથી શ્રીમદ્‌ ભાગવત કથા પ્રેમયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના ગુડા વિસ્તારના વાવોલ ગામે આગામી તા. ૨૮મી ઓક્ટોબરથી શ્રીમદ્‌ ભાગવત કથા પ્રેમયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સાત દિવસ સુધી રોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન યોજાશે. અને તા. ૩જી નવેમ્બરના દિવસે વિરામ પામશે. આ ભાગવદ્‌ કથાના અંતિમ દિવસે વાવોલ ગામની ૧૧ ગરીબ દિકરીઓના સમૂહલગ્ન પણ યોજવામાં આવનાર છે.

વાવોલની રામધામ યુવા સેવા સમિતિ દ્વારા આયોજિત આ ભાગવત કથા સપ્તાહ મધૂસૂદનદાસ બાપુની વ્યાસપીઠે યોજાશે. જેમાં સંગીતસભર પ્રેમયજ્ઞ દ્વારા શ્રોતાઓને ધર્મની સાચી સમજણ આપવા અને હકારાત્મક વિચારોનો સંચાર કરવા પ્રયત્ન કરાશે. લાભ પાંચમના દિવસથી શરૂ થતી આ ભાગવત સપ્તાહની પોથીની શોભાયાત્રા તા. ૨૭મી ઓક્ટોબરે બપોરે ૩ વાગે નીકળશે. આ ભાગવત કથાનું દિપ પ્રાગટ્ય પાલડી ભઠ્ઠાના સ્વામી રામાચાર્ય મહારાજના હસ્તે કરાશે. આ ભાગવત સપ્તાહ દરમ્યાન વિવિધ કાર્યક્રમો પણ યોજાશે. જેમાં બીજા દિવસે રાત્રે હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાનો ડાયરો તેમજ ચોથા વિવસે રાત્રે નંદકિશોરજી મહારાજ દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે. સપ્તાહના તમામ દિવસે વિવિધ સંતો-મહંતો-ધર્માચાર્યો ઉપસ્થિત રહેશે.

આ કથાના અંતિમ દિવસે તા. ૩જી નવેમ્બરે તુલસી-વિવાહના શુભ દિને વાવોલ ગામની વિવિધ જ્ઞાતિની ૧૧ ગરીબ દિકરીઓનો સમુહ લગ્નોત્સવ પણ યોજવામાં આવશે. આ દિવસે મહાપ્રસાદ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમજ દાતાઓનું સન્માન પણ કરવામાં આવશે.

## આજે સેક્ટર-૨૨ માં રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સેક્ટર-૨૨માં આજે જુનિયર સિટિજન કાઉન્સિલના સહયોગથી સંદિપ પટેલના જન્મ દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન સેક્ટર-૨૨ શોપિંગ સેન્ટર ખાતે કેમ્પ યોજવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં નગરજનોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.

# એસ.ઓ.જી.એ દેશી બંદૂક સાથે ડફેરને પકડી પાડ્યો

## દહેગામથી ઝડપાયેલા ડફેરની ધરપકડ કરીને સઘન પુછપરછ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે આજે દહેગામ વિસ્તારમાં એક શખ્સ લાયસન્સ વગર દેશી હથિયાર લઈને ફરતો હોવાની બાતમીને આધારે વોચ ગોઠવીને એક ડફેરને પકડી પાડ્યો છે. દેશી બંદૂક જપ્ત કરીને ડફેરની ધરપકડ કરી લઈ ગાંધીનગર એસ.ઓ.જી. ટીમે તેની જીણવટભરી પુછપરછ શરૂ કરી છે.



ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી પી.એસ.આઈ. ઉત્સવ બારોટ તથા તેમની ટીમે વગર લાયસન્સે હથિયારો રાખતા શખ્સોને પકડવા કવાયત શરૂ કરી છે. દરમ્યાન દહેગામમાં એક શખ્સ દેશી બંદૂક લઈને ફરતો હોવાની બાતમીને આધારે વૉચ ગોઠવીને ટીમે તેને પકડી પાડ્યો છે. દહેગામના સલીમ અલ્લારખા ડફેરની દેશી બંદૂક સાથે ધરપકડ કરી લઈનો ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે તેની સઘન પુછતાછ શરૂ કરી છે. આ શખ્સ હથિયાર ક્યાંથી લાવ્યો હતો અને કેમ લાવ્યો હતો તે સહિતની વિગતો બહાર લાવવા ઉંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે.

# સે. ૨૪માંથી દારૂનો જથ્થો ભરેલી બિનવારસી કાર ઝડપાઈ

## આર.આર.સેલે રૂ. ૧.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સે. ૨૪ ખાતે સહયોગ ફ્લેટ સામે બિનવારસી હાલતમાં પડેલી વેગનઆર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર રેન્જ ડીઆઈજીપીની ટીમ આર.આર.સેલે દરોડો પાડી દારૂ ભરેલી કાર પકડી પાડી છે. રૂ. ૩૩,૬૦૦નો દારૂ તથા કાર મળીને કુલ રૂ. ૧.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આર.આર. સેલે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી બુટલેગર સુધી પહોંચવા તપાસ આરંભી છે.

ગાંધીનગર આર.આર. સેલના પી.એસ.આઈ. એલ.પી. બોડાણા તથા તેમની ટીમે બાતમીને આધારે સેક્ટર-૨૪ સહયોગ ફ્લેટ સામે સ્થિત અંબાજી માતાના મંદિરની આગળ વડ નીચે બિનવારસી પડેલી વેગનઆર ગાડી નં. જીજે-૧-એચ.એન.૯૫૨૭ માં તપાસ કરી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૬ પેટી એટલે કે ૭૨ નંગ વિવિધ વિદેશી બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. ટીમે રૂ. ૩૩,૬૦૦ નો દારૂ તથા ૧.૫૦ લાખની કાર મળી કુલ રૂ. ૧,૮૩,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ગાડીના નંબરને આધારે આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. સે. ૨૧ પોલીસ મથકમાં આ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# કોલવડામાં દરોડા પાડીને મકાનમાંથી એલસીબીએ દારૂનો જથ્થો પકડ્યો

## ૨૨૪ વિદેશી દારૂની બોટલ અને ૧૪૦ બિયરના ટીન મળીને ૯૩ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં સ્થિત ચામુંડાપુરા હુડકો વિસ્તારના એક મકાનમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડાયો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને મકાનની બાજુના છાપરામાંથી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો છે. બુટલેગર ઘરેથી મળી આવ્યો ન હતો. એલસીબીએ રૂ. ૯૩ હજારનો દારૂ-બિયર કબ્જે લઈ પેથાપુર પોલીસમથકમાં બુટલેગર સામે ગુનો નોંધાયો છે.



કોલવડાના ચામુંડા હુડકો ખાતે મકાન નં. ૬૫૧ માં રહેતા નરેશ રૈયાજી રાવળ નામના શખ્સના ઘરે વિદેશી દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમી ગાંધીનગર એલસીબીને મળતા પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમે તે મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાનની બાજુમાં બનાવેલા છાપરામાં તપાસ કરતાં ૨૨૪ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૪૦ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૯૩,૨૦૦ નો દારૂ બિયરનો જથ્થો છાપરામાંથી મળી આવ્યો હતો. જો કે બુટલેગર નરેશ રાવળ ઘરે હાજર ન હતો. દારૂ-બિયર જપ્ત કરીને પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# પેથાપુર સસ્તા અનાજની દુકાનમાં ગફલા કરવામાં આવતા હોવાની નાગરિકોની બૂમ

ગાંધીનગર, તા. ૧૪

પેથાપુરમાં આવેલ સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ આચરવામાં આવતી ફરિયાદો ઉઠવા પામી છે. બી.પી.એલ. લાભાર્થીઓને પુરતો પુરવઠો આપવામાં આવતો નથી અને બારોબાર વેચી મારવામાં આવતો હોય તેવી શંકા સેવાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા અચાનક રેડ પાડી તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ પકડાઈ શકે છે.

રાજ્યની ગરીબ પ્રજાને પુરવઠા વિભાગ દ્વારા અનાજનો જથ્થો આપવામાં આવે છે. તેના માટે સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો શરૂ કરવામાં આવી છે. ત્યારે પેથાપુરમાં સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા પુરવઠો નાગરિકોને આપવાની જગ્યાએ બારોબાર વેચી મારવાનું કૌભાંડ કરવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે.

પેથાપુરના નાગરિકો કહી રહ્યા છે કે, સસ્તા અનાજની દુકાનમાં અચાનક રેડ પાડવામાં આવે તો મોટુ કૌભાંડ પણ પકડાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની મોટાભાગની સસ્તા અનાજની દુકાનોમાં ગફલા કરવામાં આવતા હોવાની બુમો વારંવાર લાભાર્થીઓ દ્વારા પાડવામાં આવે છે. પરંતુ પરિસ્થિતિ ઠેરની ઠેર છે.

# ગેસીયાની નવી કારોબારી વ્યાપ વધારવા કટિબદ્ધ

## નવા પ્રેસિડેન્ટ જય રૂપારેલે તેમની ટીમની જાહેરાત કરી : સીટીઓ ક્લબ, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ, રિસર્ચ લેબની સ્થાપના કરાશે : લિડરશીપ સીરીઝ, નેશનલ આઈ કોન્કલેવ, ઈન્ટરનેશનલ બાયર-સેલર મીટનું આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી સેક્ટરની વૃદ્ધિને ગતિ આપવાના ઉદ્દેશથી સ્થપાયેલ ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ગેસીયા)ની તાજેતરમાં નવી કારોબારીની વરણી કરવામાં આવી છે. આ નવી કારોબારી ગેસીયાની કામગીરીનો વ્યાપ વધારવા કટિબદ્ધ છે અને તેમણે આગામી વર્ષ માટેની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશોની રૂપરેખા બહાર પાડી છે.

ગેસીયા દ્વારા આગામી વર્ષે રાજ્યભરમાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ, રિસર્ચ લેબની સ્થાપના, ગેસીયા લિડરશીપ સીરીઝનો પ્રારંભ, નેશનલ આઈટી કોન્કલેવ, લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ ઈવેન્ટસ તેમજ ઈન્ટરનેશનલ બાયર-સેલર મીટ જેવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવશે. ગેસીયા દ્વારા સીટીઓ ક્લબ પણ સ્થાપવામાં આવશે. જેમાં વિવિધ ઉદ્યોગના ટેકનોલોજીનો ઉપયોગ કરતા બિઝનેસ યુઝર્સને આઈટી ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડી શકાશે. આ ક્લબના વિવિધ ઉદ્યોગોના સીટીઓ, સીઆઈઓ અને ટેક. હેડઝ વગેરેનો સભ્ય તરીકે સમાવેશ કરાશે. આ ઉપરાંત ગેસીયા દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સની સ્થાપના કરી રાજ્યની મોખરાની ઈન્સ્ટીટ્યુટના સંકુલમાં સ્કીલ ડેવલપમેન્ટના પ્રોગ્રામ હાથ ધરાશે.

આ ઉપરાંત ગેસીયા રાજ્યભરમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી સંબંધી સંશોધનો હાથ ધરશે અને રિસર્ચ તેમજ ઈનોવેશનને પ્રોત્સાહન આપશે. લિડરશીપ પ્રોગ્રામ દ્વારા સભ્યોને ઉદ્યોગોના આગેવાનો સાથે વિશિષ્ઠ પરામર્શની તક પુરી પાડશે. નેશનલ આઈટી કોન્કેલવ દ્વારા આઈટી સેક્ટરના માંધાતાઓ દ્વારા ભવિષ્યની દિશાઓ, પ્રવાહો, તકો અને લર્નીંગનો પરિચય કરાવાશે. બાયર-સેલર મીટ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે સભ્યોનું જોડાણ કરાશે.

ગેસીયાની નવી કારોબારીમાં પ્રમુખ પદે એઝયોર નોલેજ કોર્પો.ના સહસ્થાપક અને એક્ઝુક્યુટીવ ડિરેક્ટર જય રૂપારેલની વરણી થયા બાદ તેમણે તેમની નવી ટીમમાં વીબી સોફ્ટ ઈન્ડીયાના ડિરેક્ટર વિવેક ઓગરા અને નેટવેબના સોફ્ટવેર મૌલિક ભણશાલીની અનુક્રમે સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને વાઈસ પ્રેસિડેન્ટ તરીકે વરણી કરાઈ છે. આ ઉપરાંત સિગ્નેટ ઈન્ફોટેકના ડિરેક્ટર ટી.પી.એસી. ઓબેરોયની ઓનરરી સેક્રેટરી, યુડીઝના સોલ્યુસન્સના ભરત પટેલની ઓનરરી જોઈન્ટ સેક્રેટરી તેમજ ક્યુએક્સ કેપીઓ સર્વિસીઝના પ્રેસિડેન્ટ રાજીવ ભાટીયાની ઓનરરી ટ્રેઝરર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૭
સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫, ૬.૪૫, ૧૦.00

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૨.૪૫

લેફ્ટ બીહાઈન્ડ (અંગ્રેજી) : ૪.00, ૯.૩0

તમંચે : ૭.00

: સ્ક્રીન-૪ :

તમંચે : ૧0.00

એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫

હૈદર : ૩.૩0, ૬.૩0, ૯.૩0

બેંગ બેંગ : ૧૧.00, ૨.00, ૫.00, ૮.00

: સ્ક્રીન-૫ :

એક્કીસ તોંપો કી સલામી : ૬.૩0

તમંચે : ૧૨.૩0, ૩.૩0, ૧0.00

બેંગ બેંગ : ૧0.00

: સ્ક્રીન-૬ :

બેંગ બેંગ : ૩.૪૫

એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫

તમંચે : ૭.00

હૈદર : ૯.૩0

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧0.૩0, ૧.૩0, ૪.૩0, ૭.૩0, ૧0.૩0

: સ્ક્રીન-૨ :

તમંચે : ૧0.૧૫, ૭.૧૫

જીગરીયા : ૧.૧૫, ૧0.૧૫

હૈદર : ૪.૧૫

સ્ક્રીન-૩ :

એક્કીસ તોંપો કી સલામી : ૧0.00, ૪.00

સ્પાર્ક : ૧.00, ૭.00

હૈદર : ૧0.00

## આપની આજ

**મેષ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. ચંચળબેન અરજણજી મકવાણા (ઉ.વ.૮૫) સેક્ટર-૨૮, આદિવાડા, ગાંધીનગર